महाराजा चंद्रभानु नाटक.

(ગાયનો.)

રચી પ્રસિદ્ધ કરનાર.

આશાભાઇ ભાઇલાલ પટેલ.

અને.

શીવાભાઈ મથુરભાઈ પટેલ.

સોજીત્રા તાલુકે પેટલાદ પ્રાંત વડોદરા.

આવૃત્તિ ૧ લી નકલ ૧૦૦૦

અમદાવાદ ગુજરાત ગેઝેટ પ્રેસ.

અને.

પેટલાદ "પારસમણી" પ્રેસમાં છાપ્યું.

સંવત. ૧૯૫૪ સન. ૧૮૯૭

કિમત ત્રણ આના.

महाराजा चंद्रभानु नाटक.

(ગાયનો.)

રચી પ્રસિદ્ધ કરનાર.

આશાભાઇ ભાઇલાલ પટેલ.

અને

શીવાભાઈ મથુરભાઈ પટેલ.

સોજીત્રા તાલુકે પેટલાદ પ્રાંત વડોદરા.

આવૃત્તિ ૧ લી નકલ ૧૦૦૦

અમદાવાદ ગુજરાત ગેઝેટ પ્રેસ.

અને.

પેટલાદ " પારસમણી " પ્રેસમાં છાપ્યું.

સંવત. ૧૯૫૪ સન. ૧૮૯૭

કિંમત ત્રણ આના.

૬૯૫૦

ચંદ્રભાનુ નાટકનો ટુંક સાર.

ચંદ્રપુરના રાજા પ્રતાપભાનુને ચંદ્રભાનુ નામે એક પુત્ર હતો, તે ઘણો બહાદુર, નિપુણ, વિવેકી, અને લડવૈયો હતો. પ્રતાપભાનુની વૃદ્ધાવસ્થા થવાથી, તે તથા તેની સ્ત્રી તેજવંતી અને જંગલમાં જઇ તપ કરવા વિચાર કરે છે; પોતાના પ્રધાન આર્યસેનને બોલાવી ચંદ્રભાનુને રાજ્યાભિષેક કરાવે છે; ત્યારબાદ પોતે જંગલમાં તપ કરવા જાય છે.

અહિઆં ચંદ્રભાનુ રાજ સારી રીતે ચલાવે છે.

વિજયંતી નગરીમાં મુળશંકર નામે એક બ્રાહ્મણ રહેતો હતો, તે ઘણો વિદ્વાન હતો; પરતુ ગરીબ હોવાથી યાચના કરવા માટે નિકળ્યો; આગળ જતાં તે દઢંતાનગરીમાં પહોંચ્યો. તે નગરીનો રાજા દઢતસેન પુન્યશાળી જાણી તે રાજકચેરીમાં ગયો રાજાએ તેની પુંજા કરી. ત્યારબાદ મુળશંકરે એક શ્લોક લખી રાજાને આપ્યો. રાજાએ તે લેઈ વાંચી જોયો પરતુ તેનો અર્થ સમજી શકયો નહિ, તેથી એ શ્લોક સભાજનોને આપી કહ્યું કે આનો અર્થ સમજાવો, તે શ્લોક ઘણો કઠીન હોવાને લીધે તેનો અર્થ કોઇથી થયો નહિ. તેથી રાજા નિરાશ થઇ સ્તબ્ધ બની રંગભુવનમાં બેઠો છે, તેવામાં તેની કુંવરી સુપ્રભા આવી પિતાને ઉદાશ જોઈ પુછે છે. અરે પિતાજી ? આપ કેમ ઉદાસ દેખાઓ છો? દઢંતસેને સઘળી હકીકત કહી સંભળાવી. કુંવરીએ તે શ્લોક જોવા સારૂં માગ્યો ત્યારે તેના પિતાએ તે શ્લોક કુંવરીને આપ્યો. જોતામાંજ કુંવરી તેનો અર્થ સમજી શકી

કારણ કે તે ભણેલી હતી. તેણે પોતાના પિતાને કહ્યું કે આ શ્લોક ઘણો ઉપયોગી છે. હવે રાજાએ તે શ્લોકનું મહત્વપણું જાણ્યું. સભામાં આવી મુસાફરને બોલાવીને ઘણું જ દ્રવ્ય આપ્યું. ત્યારબાદ તેને વિદાય કર્યો.

હવે ચંદ્રપુરમાં ચંદ્રભાનુ રાજ ચલાવે છે. એક દિવસના સમાયોગે ચંદ્રભાનુ તથા તેનો પ્રધાન આર્યસેન બંને મૃગયા રમવા વનમાં નીકળ્યા જતાં, જતાં તેઓ ઘણે દૂર ગયા છેવટે બંને જણા વિખુટા પડવાથી ચંદ્રભાનુ એક અઘોર વનમાં આવી પહોંચ્યો ત્યાં તેને એક પિશાચ મળ્યો, એકદમ ચંદ્રભાનુએ તેનો ઘાત કર્યો. ત્યાર પછી તે ઘણેક દુર આવી પહોંચ્યો, તોપણ તેને હાથ શિકાર આવ્યો નહિ છેવટે એક બાગ આગળ આવી ત્યાં નિરાશ થઇ ઉભો છે. એ બાગ દહંતાનગરીના રાજા દહંતસેનની પુત્રી સુપ્રભાનો હતો, અને તે બાગમાં સુપ્રભા મહાદેવની સ્તુતી કરવા આવી હતી તેના ગાયનનો સ્વર ચંદ્રભાનુને કાને પડયો આ સ્વર સાંભળતામાં જ તે મોહિત થઇ એકદમ દોડી બાગમાં પ્રવેશ કરે છે. તે કન્યા પણ ચંદ્રભાનુનું રૂપ જોઇ મોહિત થઈ જાય છે અરસપરસ બંનેને પ્રેમ થાય છે.

ચંદ્રભાનુ તથા સુપ્રભા બને ઘણા જ પ્રેમમાં ગુંથાય છે.

ત્યાર પછી ચદ્રભાનુ પોતાના નગરમાં આવે છે.

અહીંઆં સુપ્રભાને ચંદ્રભાનુના વિયોગથી ઘણું દુઃખ સહેવું પડે છે.

સુપ્રભા પોતાની સખી માલતીસાથે પોતાના પિતાને સ્વયંવર રચાવા બાબત કહેવરાવે છે.

દમંતસેન પોતાના પ્રધાન અભયસિંહને કહી સ્વયંવર રચાવે છે. અને દેશદેશના રાજાઓને પત્ર લખી સેવકોને મોકલે છે.

કુવરી સુપ્રભા એક પત્ર પોતાની દાસી સાથે ચંદ્રપુર મોકલે છે.

ચંદ્રભાનુ આ પત્ર વાંચી સ્વયંવરમાં આવે છે.

સ્વયંવરમાં કુંવરી ચંદ્રભાનુને વરમાળ પહેરાવે છે. ઘણા હર્ષથી સુપ્રભા અને ચંદ્રભાનુનાં લગ્ન થાય છે. લગ્ન થયા પછી ચંદ્રભાનુ તથા તેની રાણી સુપ્રભા બંને પિતાની રજા લેઇ ચંદ્રપુરમાં આવે છે.

કેટલાક દિવસ વિત્યા પછી ચંદ્રભાનુ સુપ્રભા સાથે રંગભુવનમાં બેઠા છે. ત્યાં અરસપરસ પ્રેમની વાતો જણાવે છે. એવામાં સુપ્રભાને વેલો શ્લોક સાંભરી આવે છે. તેથી તે વૈરાગપદ ધારણ કરે છે. અને આ મિથ્યા વિષય સુખનો ત્યાગ કરી એકદમ વૈરાગ લેઇ પ્રભુનું ભજન કરવા માટે જાય છે ચંદ્રભાનુ તેને ઘણું સમજાવે છે પણ તે સમજતી નથી અને વૈરાગનેજ વળગી રહે છે, ત્યારબાદ નાટક સમાપ્ત થાય છે.

ગ્રંથ કર્તા.

આશાભાઇ ભાઇલાલ પટેલ.

મુખ્ય પાત્રોનાં નામ.

પ્રતાપભાનુ	ચંદ્રપુરનો રાજા.
તેજવંતી	તેની રાણી.
ચંદ્રભાનુ	પ્રતાપભાનુનો પુત્ર.
આર્યસેન	તેના પ્રધાન.
મુળશંકર	વિજયંતી નગરીનો બ્રાહ્મણ.
દહંતસેન	દહંતા નગરીનો રાજા.
કનકપ્રભા	તેની રાણી.
સુપ્રભા	તેની પુત્રી.
અભયસિંહ	દહંતસેનનો પ્રધાન
માલતી	સુપ્રભાની સખી.
કેશરબા	સુપ્રભાની દાસી.
હરજી	એક દરજી.
દયાળજી	એક વાણીઓ.
મહાકોર	તેની મા.

એ સિવાય દરબારીઓ વારાંગના સ્ત્રી મંડળ રાજસેવકો પ્રતિહાર પિશાચ બ્રાહ્મણો વિગેરે.

चंद्रभानु नाटकनां गायनो.

ઇશ્વર સ્તુતી.

સર્વપાત્રો— ૧

કરીએ પ્રણામ પ્રિતેથી પ્રભુને

અમર ઇશ જગતાત દયાળુ (૨) સેવકને પ્રભુ સહાય કરીને,
કૃપા કરો ઉર અર્જ ધરીને, સહાય થાઓ વિભુ વિઘ્ન હરીને,
દયાવાન, આપો જ્ઞાન, સુમતિ દઇને. કરીએ૦
ન્યારી કળા પેખી પ્રભુ તારી (૨) રુનહર નાભિજન અઘહારી,
શ્રીહરિ સુખદાયક મોરારી, પુર્ણ કરો મુજ કામ અઘારી,
અલ્પજ્ઞાની, સેવક માની, કાપો દુરમતીને. કરીએ૦

સુત્રધાર— ૨

આર્ય સજ્જનો પ્રીતે, શ્રવણ કરો મુજ કાણી દિલ ધારી.
હજુ કેમ ના આવી, મુજ પ્રિયા મન હરનારી.

નટી— ૩

શું છે કામ મારૂં પ્યારા પ્રાણનાથ કહો પ્રીતે.

હું હુકમ આપનો શિરધરૂં, શુભ સુખ આપીને દુઃખ હરૂં,
સંકટ હરતા પિયુજી મારા,
સત્ય કહો મુને એક ચિત્તે. શું છે॰

પ્રતાપભાનુ— ૪

પ્રાણપ્રિયા મુજ મન હરનારી, સાંભળને કહું સહુ વિસતારી.
મોજ મજા બહુ દિન ગ્રહી છે, ભોગવ્યાં સુખ અતિશય ભારી.
પ્રાણપ્રિયા મુજ॰
તેથી વનમાંહે વિચરીને, ઇશ્વર ભજવા હિંમત ધારી.
પ્રાણપ્રિયા મુજ॰
પુત્ર આપણો કુળદીપકને, કામે નામે કીર્તિ સારી. પ્રાણપ્રિયામુજ॰

તેજવંતી— ૫

અહો સ્વામીનાથ એ વાત ખરી,
એ વાત ખરી, એ વાત ખરી. અહો॰
વૃદ્ધાવસ્થા થઇ આપણી, વનમાં જાવા હામ ધરી. અહો॰
સુખ તજીને ઈશ્વર ભજવા, જેથી સહાયક થાય હરિ. અહો॰
મોટા મોટા મુનીવરો પણ, વનમાં રહેછે તપ આદરી. અહો॰

પ્રતાપભાનુ— ૬

અહો સચીવજી પ્યારા, વૃદ્ધાવસ્થા થઇ હવે મારી,
તેથી તપ કરવાને, વનમાં જાવા હિંમત મેં ધારી.

આર્યસેન— ૭

અરે રાયજી આશું, વચન મુખથી બોલો આવારે,

વચન સુણીને આવું, મુજ હૃદય હિંમત નહિ ધારે.

પ્રતાપભાનુ— ૮

પ્રધાન પ્યારા ધૈર્ય ઉર લાવો,
પ્રિય પુત્રને આંહી બોલાવો. પ્રધાન૦
રાજ્ય તખ્ત સાંપુ એને આંહી,
તખ્ત સોંપી જવું વન માંહી. પ્રધાન૦

ચંદ્રભાનુ— ૯

પ્યારા પિતા આવ્યો આંહી શું છે મારૂં કામ,
પ્રિતે જણાવો મુજને એહ, કરવા હું છું તત્પર તેહ,
રાખો નહિ તેમાં સંદેહ, પુરી મુજમન હામ. પ્યારા
પ્રતાપભાનુ—પ્યારા પુત્ર દીસે પ્યાર, દેખી તુજને હર્ષ અપાર,
રાજ્યાસન સાંપુ આવાર, અમર રહો તુજ નામ. પ્યારા૦

પ્રતાપભાનુ— ૧૦

પ્રિય પુત્રરે, કહું તુને આ વારી, પ્રભુ ભજવા મરજી અમારી.
તુને સાંપુરે રાજ્યાસન આવાર, કળા કૌશલ્ય ધૈર્ય ધાર.
વૃદ્ધાવસ્થા થઇ અમારી, તપ કરવા હિંમત ધારી,
માટ જાવુંરે, ભજવાને મોરારી. પ્રભુ૦
ચંદ્રભાનુ—તાત પ્યારારે, મુજને અળગો કરીને,
ક્યારે આવશો પાછા ફરીને.
આવો સુણી આપનો બોલ, મન છીર ચડ્યો ચકડોલ
ના કહું છુંરે, મનમાં અતિશે ડરીને. ક્યારે૦
પ્રતાપભાનુ—તુને દઉં છુંરે, શીખામણ હુ સારી

ક્ષત્રી ધર્મ સાચવવો ભારી.
દાન કરવાં વિવિધ પ્રકારે, કરવું કાજ ઈશ આધારે,
નહિ તજવારે, હિમત અતિ સુખકારી. ક્ષત્રી૦
ચંદ્રભાનુ—ક્ષત્રી વીરરે, પાછી ન કાઢે પાની,
આપ શીખામણ લઉં માની
કદી હામ તજી દુર જાઉં, મુજ જનુની લજવાઉં;
કદી કટકારે, થાએનો શીહાની. આપ૦

ચંદ્રભાનુ— ૧૧

માતા પિતા સુણો વિનતી, મુને થાય બહુ દુઃખ;
કોપ પ્રભુ તેં આ શો કર્યો, સહુ હરીલીધું સુખ. . માતા
વચન આપનાં સાંભળી, થર થર ધ્રુજે તન;
નથી રહેવાતું મુજથી, અતિ અકળાયે મન. માતા૦
પ્રતાપભાનુ—ધીરજ ધર પુત્ર માયરા, સમજી શાસ્ત્રનો સાર
દુઃખી ન થા દિલમાંહીતું, આશી આંસુની ધાર. ધીરજ૦
ઇશ્વર શરણ થયા થકી, દુઃખ સઘળાં જાય;
માટે જવાદેને વનમાં, શોક કરે શું થાય. ધીરજ૦

દરબારીઓ— ૧૨

સત્યવચન કહીએ, રાજા વન મહિ વિચરાએ.
નહિ વિચરાએ, નહિ જવાએ, દુઃખજ થાએ.
સુખ સહુ જાએ, કેમ રહેવાએ—
રે હા—હા—હા—હા. સત્ય૦
કલેશજ થાએ, ત્રાસ વરતાએ, સુનું જણાએ;

નહિ સહેવાએ, નહિ જવાએ—

રે હા—હા—હા—હા. સત્ય૦

પ્રતાપભાનુ— ૧૩

શોક તજી સહુ જનો જાઓ નગર મોઝાર.

ધરી મન માંહી પ્યાર, માનો વચન આવાર

દુઃખ ધરો ન લગાર, સુખકાર (૨) શોક૦

જલદી જાઓ, સુખીઆ થાઓ, નહિ મુઝાઓ.

દુઃખ ધરો ન લગાર. સુખકાર (૨) . શોક૦

ચંદ્રભાનુ— ૧૪

કહો સંચીવજી શાણા મારા રાજ તણી રીતી.

મમ પ્રજા સુખી કે દુઃખી, સુણવા રાખું ખાંત

નગરલોકની કેવી દીસે, ન્યાય અને નીતિ. કહો૦

હુન્નર નીતિ પ્રીતે જણાવો. કેવો વિદ્યાભ્યાસ

સભાજનો સહુ કેમજ વર્તે, ધરી ઉર પ્રીતિ. કહો૦

આર્યસેન— ૧૫

અહો રાય (૨) ફરજ ઉર ધારી, કહું રીતિ સર્વ વિસ્તારી,

સહુ પ્રજા [૨] સુખી મહારાજ, શુભ રચે કારીગર કાજ.

વિદ્યાદેવી મગનમાં માલે, ન્યાય શુભ રીતથી ચાલે.

કહું આવાર, ધરીને પ્યાર, કરી વિસ્તાર, સહુ સુખકારી. કહું રીતિ૦

વારાંગના— ૧૬

અહો આજે રાજાજી મન મોહી રહ્યું રે,(૨) ચંદ્રપુરના રાજીઆ. અહો.

અંગ ભુષણ શુભ કુંડળ શોભે, મુગટ દેખીને મન મેરૂ ધ્રુજેરે (૨)
ચંદ્રપુરના રાજીઆ. અહો૦
સુખી રહો મહારાજા અંગે, સુર્ય ચંદ્ર તપે ત્યાં સુધી રહોરે. (૨)
ચંદ્રપુરના રાજીઆ. અહો૦

દરબારીઓ— ૧૭

જય મહારાજાનો થાઓ.
દુઃખ કલેશજ સઘળો દુર જાઓ. રમતાં ફરતાં જમતાં
સુખ થાય દુઃખ જાય આનંદ ઉર ન માય.
સુખ કર સુખ કર થાઓ. જય૦
સુખી રહો નિજ કાય, દુઃખ સહુ દુર જાય,
આનંદના ઓઘ થાય, અરિઓનું મુખ જાય,
જોઇ મન લજવાય, જગપતિ થાઓ સહાય,
મનનું ધારેલું થાય, ઈચ્છા હોય તે પમાય. જય૦

મુળશંકર— ૧૮

હંસતસેન મહારાજા, અતિ સુખ પામજોરે
અચળ રહો આ રાજ તમારૂ, સુંદીર શોભા અનુપમ સારૂં.
પ્રભુ રાજાજીને અવિચળ આયુષ્ય આપજોરે. હંસતસેન૦
અખુટ મળો રિધિ સિધિ સુખ થાઓ બહુ વિધી.
રાજ્યાસને મહારાજા અચળ રાખજોરે. હંસતસેન૦
મનોમોની કરો સાય, દુઃખ સહુ દુર જાય,
એવી અરજ રાજાજી ઉર ધારજોરે. હંસતસેન૦

કહુંતસેન-- ૧૯

કરીએ પ્રણામ આવાર, બ્રહ્મમુની કરીએ પ્રણામ આવાર.
આશિષના દેનાર. બ્રહ્મમુની•
સુખ સહુ મારે, ચરણે તમારે, ગુણ તણા ભંડાર. બ્રહ્મમુની•
આપ પધારે, હર્ષ અમારે, વિદ્યાતણા અંબાર. બ્રહ્મમુની.
આશિષ આપો, કષ્ટજ, કાપો નમીએ વારંવાર. બ્રહ્મમુની.

श्लोक.

संगात्संगजायतेकामात्, कामात्क्रोधोभिजायते,
यागतिसागतिभवेत्, संगत्यागीसुखीभवेत्.

કહુંતસેન— ૨૦

સૌ સભાજનો, આ વાત મુજ ઉર ધારી,
કરો તોલજ તેનો, દિલ માંહી વિચારી.
સમજુને શાણા, શુરવીર સૌ કાવો,
આ શ્લોકતણો યથાર્થ, અર્થ બતલાવો.
અતિ કઠિન શ્લોક આ, વિચારો ગનમાંહી,
કરો કિંમત એની, આજ પ્રીતથી આંહી.

કહુંતસેન— ૨૧

શાને લાવો દુઃખ અપાર, મન વિચારો શું રહ્યા.
સભાસદો ગુણવંતા દિસો, જ્ઞાનીને શુરવીર,
પ્રધાન આદિક શાસ્ત્રીઓ સૌ, વિદ્વાનો અમીર શા.

અર્થ કોઇથી થયો નહિ તે, મુઢ બનીને બેઠા
નીચું જોઇ મન લજવાઇ, શા વિચારમાં પેઠા. શા.
ધિઃક ધિઃક છે સકળ સભાને, શરમ નહિ લગાર.
ખાઇ ખાઇને હરામ કીધું, ફટ ફટ ફિટકાર. શા.

સુપ્રભા— ૨૨

તાતજી પ્યારા, પાલનકારા, મુજ મન અતિ અકળાયે છે
નયન ભરીને, નજર કરીને દેખી દુઃખ બહુ થાએ છે.
વિચાર માંહી, પેઠા આંહી, મનમાંહી શું ધાર્યું છે
દુઃખ ન લાવો, મુને જણાવો, દુઃખ દેખી મન હાર્યું છે.

દહુંતસેન— ૨૩

સાંભળ શાણી પુત્રી મારી કહું વાત તુનેરે વાત તુનેરે કહું વાત
તુનેરે સાંભળ૦
બ્રાહ્મણ આવ્યો રાજસભામાં બેસાડયો તતકાળ.
આસન આપી પુંજા કીધી મનમાંહી ધરિ પ્યાર સાંભળ૦
એક શ્લોક આપીને મુખથી, બોલ્યો તેણીવાર
આ શ્લોકની કિમત આપો, કરી દિલ વિચાર. સાંભળ૦
સભાજનોએ વાંચી જોયો, અર્થ થયો ન લગાર.
હરામી સહુને દેખીને, દુઃખ મન અપાર. સાંભળ૦

સુપ્રભા— ૨૪

અહો તાતજી વાત આ ઉર ધારો, શુણી વિનતી દિલમાંહી વિચારો.
હવે આજ તો માહરૂં કષ્ટ કાપો. મહા શ્લોક દીસે મુને સઘ આપો.

દહુંતસેન— ૨૫

પ્રિય પુત્રી સાંભળ આવાર શ્લોક આપુ ધરો દિલપ્યાર
દિસે શબ્દ કઠિન અપાર, કરો દિલમાંહા વિચાર

સુપ્રભા— ૨૬

હર્ષ થયો મુને ભારી, અહો તાત, હર્ષ થયો મુને ભારી.
એ સુખનો કોઇ, પાર ન પામે, હરી જન લે ઉરધારી. અહો૦
માટે એનું, મુલ્યન થાએ, આપો મનમાં વિચારી. અહો૦
હવે હું સમજી, શ્યોક ન આપું, પાળુ ધર્મને ધારી. અહો૦

સુપ્રભા— ૨૭

આ શ્લોક દીસે બહુ સારો, મુજ સફળ થયો જનમારો.
સુણો પ્રિય તાત મમ આજે, મુજ સફળ થયાં સહુ કાજેરે.
હવે અર્થ સહુ સરનારો. મુજ૦
અર્થ સમજી હું મનમાંહી, કર્યો તોલ જ તેનો આંહીરે.
આ વાત મુજ ઉરધારો. મુજ૦

દહુંતસેન— ૨૮

સુણો સકળ સભાજન આજ, વચન વદી મુખે કહુંરે.
મુજ સફળ થયાં સહુ કાજ વચન૦
બ્રહ્મમુનીને તેડાવો આંહી. વચન૦
છે મુકામ બાગની માંહી. વચન૦
આપો મુખથી માગે જેહ. વચન૦
મન રાખો નહિ સદેહ. વચન૦
એની કિમતનો નહિ પાર. વચન૦

એથી અર્થ સહુ સરનાર. વચન૦

મુળશંકર— ૨૯

હે દહતસેન (૨) આ વાત મુજ ઉર ધારો.
શ્લોકના કિમત આપવાને દિલમાંહી વિચારો.

દહતસેન—માગો મુખ થકી (૨) તમે વચન કરી વિચાર

મુળ—લક્ષ રૂપિઆ આપો મુને ભૂપ ધરી મનમાં પ્યાર

સખીમંડળ— ૩૦

બ્રહ્મમુની પુત્રીઓ જાણી, પ્રેમ પ્રમાણી, દોષન આણી. શુંજશુ
આશિષ આપોને, કષ્ટજ કાપો, દયા આણીને તુંજતુ
મહેલે પધારોને, શોભા વધારો, કરીએ પ્રણામે. હુંજહું.

ચંદ્રભાનુ - ૩૧

પ્રધાન પ્યારાં ચાલો જઇએ, મૃગયા રમવા આ સમે (૨)
મૃગયા રમવા આ સમે, વનમાંહી પશુઓ બહુ રમે. પ્રધાન૦
મનમાંહી મુને ઉમંગ અતિ, માટે તૈયાર થાઓ ઝટ તમે.
મૃગીયા રમવા આ સમે, વનમાંહી પશુઓ બહુ રમે. પ્રધાન૦

ચંદ્રભાનુ— ૩૨

અરર ઓ પ્રભુ, આશું તે કર્યું, વિકટ વનમાં ઝુરીને મરૂં.
પ્રિય પ્રધાનજી, મુકીને ગયો, અરર હાયરે એકલો રહ્યો.
શું કરૂ હવે, અસુરા બહુ, અઘોર વનમાં કયાંયરે જઉં.
ક્ષત્રી પુત્ર હું કેમરે ડરૂં ફિકર મુકીને ધૈર્ય તો ધરૂં.

૩૩

પિશાચ—આજે મુને મળીયો છે ભક્ષ ... ...

ચંદ્રભાનુ—... ... ... જોવું હોય તો આવ સમક્ષ.
પિશાચ—તુને ખાઇ જાઉ આવાર. ... ...
ચંદ્રભાનુ— ... ...દુષ્ટજા નહિ તો મારિશ ઠાર.
પિશાચ—અલ્યા શાનું જણાવે તું જોર ... ...
ચંદ્રભાનુ— ... ... કેમ કરે છે શોરબકોર.
પિશાચ—તારો તોડી નાખું અંકોર. આજો૦

ચંદ્રભાનુ— ૩૪

શાને કરે છે પતરાજ, દુષ્ટા તુને હુ ઠેર મારૂં રે.
તારા કટકા કરી નાખુ આજ. દુષ્ટા૦
નથી બીક ચિતમોઝાર. દુષ્ટા૦
હવે કદી નહિ છોડનાર. દુષ્ટા૦
હજુ શૂરવીરનો છે અંશ. દુષ્ટા૦
પૃથ્વી નથી ગઇ નીરવંશ. દુષ્ટા૦
રાંડ પિશાચની તારી જાત. દુષ્ટા૦
આ શમશેરથી કરૂ ઘાત. દુષ્ટા૦

માલતી— ૩૫

કેવો દીસે આ બાગ, પ્રીય સખી, કેવો દીસે આ બાગ.
મનહર પુષ્પો અથાગ. પ્રિય૦
મધુર શુડા, મેના બપૈયા, રૂડા ઉચ્ચારે રાગ. પ્રિય૦
લતા મંડપમાં, લેહેર ઉડે છે, નિર્મળ કેતકી નાગ. પ્રિય૦
શિતળમંદ સુગંધિત વાયુ, તે સુખનો નહિ ત્યાગ. પ્રિય૦
ચંપે વિંટાણી, નાગરવેલી, દ્રાક્ષ દાડમને સાગ. પ્રિય૦

સુપ્રભા— ૩૬

દુઃખવિદાર, દોષનિવાર, હે ઉમાપતિ.
ભોળાનાથ, જોડી હાથ, કરૂં વિનતિ.
દીનદયાય, પ્રણુતપાળ, આપ સન્મતિ.
સુખજકાર, ભવભયહાર, કાપ દુરમતિ દુઃખ૦
વિનવું. વિનવું વિનવું. ત્રિપુરારિ.
ઉરધારી. સ્તુતિમારી કર ઉત્તમકૂ દુઃખ૦

ચંદ્રભાનુ— ૩૭

મધુર સ્વર આ આંહી સંભળાયે ઉપવનમાં એક સુંદરી છે.
સત્વર થાઉં ઝટપટ જાઉં મુજ મનહારક એ પરી છે.
કોકિલના જેવો કંઠ સુણી, મન રહ્યું મોહી.
જાણે ઉર વસી આંહી અવતરી. મધુર૦
મુકી હરણુની આશ, ચાલ જાઉં એની પાસ,
જવા હિમત ઉરમાંહીજ ધરી. મધુર૦

ચંદ્રભાનુ— ૩૮

પ્રિયા મનમાં વસીને તનમાં ઠસી, અહો રતિ રંભાકે ઉરવસી. પ્રિયા૦
મન મોયુંરે ચિત્ત પ્રોયું દેખી તુજને દુઃખ ખોયુંરે.
કરે કટાક્ષ અપાર, કાપે નયન કટાર, જાણે શશી અવતાર,
મુજ મન હરનાર, ઉર આનંદ અપાર, અહાધાર દિલધાર. પ્રિયા૦
મન અતિ અકળાય, ધીરજ નહિ ધરાય, કયારે પ્યારી પમાય.
મુજ દિલ શાંત થાય, દિલ હર્ષ નવ માય, સુખ થાય દુઃખ જાય પ્રિયા૦

માલતી— ૩૯

તુને કહું એક વાત, કામ પુરૂષ સાક્ષાત, અતિ ઉત્તમ એ જાત. દેખાડું૦
શોભે રૂડા શ્યામ કેશ, જોબન બાળુડે વેશ, જાણે હોય એ નરેશ. દેખાડું૦
કાન્તિ દેહની કેવી, રાજકુંવરના જેવી, સહુ ચિત્ત ચોરે એવી. દેખાડું૦

સુપ્રભા— ૪૦

સખી જોને દીસેછે સકોમળ કેવા, આલીંગન આપીએ એવા.
મુજ ચિત્ત ચોરે કેવા, કામરૂપ જેવા. સખી૦
આવો આંહી પ્રિતમ કરી મહેર તમે;
સંગે રહી શું હૈ યા ના હાર અમે;
આવીને ભેટ લેવા, દિસો રાજરૂપ જેવા. સખી૦

ચંદ્રભાનુ— ૪૧

મોહી થયો ગુલતાન, રસીલી મોહી થયો ગુલતાન.
ભુલ્યો હું દેહનું ભાન. રસીલી, ટેક.
સુંદિર પ્યારી, મન હરનારી, ચિત્તચળાવે ને ભાન ભુલાવે.
શાને રસીલી મન અકળાવે, શુરી ક્ષત્રાણીનું તન જણાવે.
પ્રેમ પાસમાં તું શર્મજ લાવે, સમજ, શરમ મુકીને પાસે,
આવ, તું વચન મારૂં માન પ્રિયા તું વચન મારૂં માન. રસી૦

સુપ્રભા— ૪૨

પિયુ પધારી હર્ષ વધારી પ્રાણપતિ તમ પાસજ આવું.
સ્નેહની વાતો પ્રેમે જણાવું, મનમાંહિ શરમ ન લાવું.
આપ સંગમાં સુખી હું થાવું પધારો, હુ અન્ય સાથે કદી વરનાર, નથી

કદી થાય જીવની હાન, પ્રીતમ કદી થાય જીવની હાન. રસીο

ચંદ્રભાનુ— ૪૩

હવે હું, જાઉં છું પ્યારી, વિદેશમાંહી, આવારી
મુકી મુજને, પ્રધાન ગયો, વિખુટો, વનમાંહી થયો.
જવું મારે, પ્રિયાપ્યારી, જવા ઉર, હામ મેં ધારી.

સુપ્રભા— ૪૪

નહિ જવાય, નહિ જવાય. દુઃખ થાય થાય થાયરે.
આપ વિયોગે મન મુઝાય, સુખજાય જાય જાયરે.
મુજને મુકીને કયાંઇ જાઓ, નાથ નમેરા શીદ થાઓ (૨)
આવું કેમ વદાય, નહિ સુણાય, દુઃખથાય થાય થાયરે. નહિο

સુપ્રભા— ૪૫

મુંજ મન અતિ અકળાયે છે.
અંગ અંગ અતિ જંગ મચાવે, રંગ રંગના રંગબતાવે, ચિત્તચળાવે
ભાન ભુલાવે, લુબ્ધ બનાવે, દિલમાંય હાય, હાય, હાય. મુજο
બેભાનવૃતિ મારી બનાવે, રતિ પતિ અતિ મુને સતાવે. દુઃખ જણાવે
વિરહ જલાવે. મન મુઝાવે, અરેહાય. હાય, હાય, હાય. મુજο

માલતી— ૪૬

આમ શું કરે, શાણી સખી મારીરે.
સુખજ થાય, દારિદ્ર જાય, મનની માય, આનંદ થાય.
કહું તુને આ વારીરે. આમ શુંο

માલતી— ૪૭

શાન્તિથી સુખ થાયરે, બેની કેમ થઇ વ્યાકુળી.
ક્લેશજ સઘળો જાયરે, બેની કેમ થઇ વ્યાકુળી.
ચિંતાથી ચતુરાઇ ઘટે છે, શોખે ઘટે શરીર.
આતુર થઇ શા કારણ બેની, કેમ થઇ તુ અધીરરે. બેની૦
શોક કરેતો બેની મારી, તુજને મારા સમ.
શાણી મારી શાન્ત થાજે, સમજાંછું તવ મર્મરે. બેની૦

સુપ્રભા— ૪૮

સખી મારીરે, સુણ પ્યારીરે, દુઃખ ભારીરે, કહું તુને આ વારે.
આમ આમ. સખી મારીરે૦
યોગ્યજ વયની હું થઇ, ચિંતા મનમાં થાય;
સ્વયંવર રચાવવા કહેતું મુજ પિતાય.
એને શું કેવુંરે, નહિ સહેવુંરે કેમ રેવુ રે, ઝટ થાએ કામ કામ. સ૦

માલતી— ૪૯

પ્રિતે રચાવો આવાર, સ્વયંવર પ્રીતે રચાવો.
તેડાવો રાજકુમાર. સ્વયંવર૦
રૂડો સ્વયંવર શોભનો, રચાવો ધરી પ્યાર;
મણી માણેક હીરા તણા, સ્થંભ કરો તૈયાર. સ્વયં૦
ઇચ્છાવર વરવાતણી બેની રાખે હામ,
સ્વયંવર નીરખ્યા થકી, થાય મન આરામ. સ્વયં૦

કહંતસેન— ૫૦

અહા તુજ સત્યવચન આવાર. નિરધાર, એ વિચાર,

સુખકાર એ થનાર. અહા૦

પ્રિતે રચાશું, વહેલો થાઉં, કરૂં હુકમ પ્રધાનજીને આ વાર. અ૦

કહુંતસેન— ૫૧

પ્રધાનજીરે સ્વયંવર રચાવો, શુભ રાજકુમાર તેડાવો.
સુવર્ણ સિંહાસન સારાં. સહુજન ચિત્ત હરનારાં
જલથીરે, મણીસ્થંભ જડાવો. શુભ૦
મંડપ રૂડો રચાવો માંહી હીરા રત્ન જડાવો
રંગ રારારે, વિવિધ ભાત રંગાવો. શુભ૦

પત્ર— ૫૨

પુરી પિડાઇ હું, પુનીત તવ પ્રેમે ટળવળી.
તુટી આશા મારી, નવ પ્રેમી પ્રેમે તગને મળી.
તજી પ્રીતિ મધ્યે, અઘટિત કામજ તમે કર્યું.
અહા તારા પ્રેમે, નિરમળ માયરૂં મન ઠર્યું

પત્ર— ૫૩

ચંદ્રપુર રળીઆમણું રે ચંદ્રભાનું શુભ નામ પિયુંજી સ્વયંવરમાં આવજોરે
આપ વિના સૌ સુનું દીસેરે, સુનું અખંડ સૌભાગ. પિયુજી--સ્વયં૦
જોડી હાથ દાસી વિનવેરે, આવો વહેલા નાથ. પિયુજી--સ્વયં૦

હરજી— ૫૪

બન્યા આજે દરજી, પરણવાની મરજી,
પાઘડી સારી મેલું માથે, પોંચી કડાં ઘાલું હાથે.
આતો સિદ્ધ બની ગયું, ચાલ મારૂં કામ થયું.

હવે બાકી શું જ રહ્યું, હુકાવાળા હરજી. બન્યા૦
હાથે વીંટી કેડે કંદોરો, પાઘડીમાં ખોસુ સોયને દોરો.
સ્વં યં વર ની માંહે જાવું.
રાજ કન્યાનું મન લોભાવું.
આંખનો અણુસારો બતાવું, બંદા કેરી મરજી. બન્યા૦

દયાળજી— ૫૫

માડી મુજને ખાવાનું આપ સારૂં સારૂં.
દુધપાક લાડુ જલેબી, મન થયું મારૂં મારૂં. માડી૦
જલદી લાવો મારે જાવું, આપો કહું વારૂ વારૂ. માડી૦

મહુકોર— ૫૬

પીટયા રોજ મને પજવુંછું રે.
ફાટીમુઆ જનુંની લજવુંછું રે. પીટયા૦
પીટડીઆને લાતે મારૂં, ભોંય પછાડું, દાંતજ પાડું, કેશજ તોડું.
મુકા મારી બહાર કાઢું, સાંબેલાના ઝટકા મારૂં ચપ્પો ચપ(૨)પી.

દયાળજી— ૫૭

કેમ માડી મુને વઢે છે, રોજ મારી સામે લડે છે.
મારો બોલ ન ઉથાપો, અલંકાર કાઢી આપો.
સ્વયંવર માંહી જવું, આવ્યા મોટા ભુપ.
કન્યા કેરૂં મન હરૂં, બતાવું મારૂ રૂપ
રખે રૂપને જોઇને, કન્યા મુને પરણે,
લાવો મારી હીરકોરીઆ ધોતી, જુઓ કેવાં ચળકેછે મોતી.
વહેલીયાને લાવ માડી, પરણવાની આશ,

૫૮

૧ લો આ ભાઇ ચાલો લગનમાં જઇએ ... ...
૨ જો આ ... ... ખુબ જમીને ખુશી થઇએ.
૩ જો આ ઘોડાગાડીમાં બેસીને જઇએ ... ભાઇ૦ ...
૧ લો ... ... મારે ખાવાછે ચાળીશ લાડુ.
૨ જો ભલે ઠલવેને મારામાં ગાડુ ... ...
૩ જો ... ... લાડુ ખાવામાં શાનુ સપાડુ
લાડુ જમવાની આશ, બાર લાડુનો સમાસ ચાલો વહેલા થઇએ ભાઇ

શ્રીમડળ— ગરબો ૫૯

પ્રિય સખીઓ સરવે મળી અહીંરે, આજે આનંદ ઉરં નવ માય,
દિસે મંડપ સાહેલી સોયામણોરે.
મણી માણેક જડીત આંહી ચોક છેરે શોભા નીરખતાં થાએ સહુ શાંત,
દિસે મંડપ સાહેલી સોયામણોરે.
સિંહાસન કનકે જડયાં, અમુલ્ય મોતી હાર;
મણીસ્થંભ રૂડા અતિ, શોભાનો નહિ પાર.
શુભ રચના જોઇને મનડુ ચળેરે, માંહી બિરાજેછે મહામુની ભુપ.
દીસે મંડપ સાહેલી૦
રચ્યો સ્વયંવર પ્રીતથી, આવ્યા રાજકુમાર;
શાણીસખી આરોપશે, હસ્ત ગ્રહી વરમાળ.
જેને વરવાનું હશે લલાટમાંરે, તેને આપે પ્રેમે વિજયતું માન. દીસે૦
આભુષણુ અંગે ધર્યાં, ઝળકે તેજ અંબાર;
હાથે બાજુ બેરખા, કંઠે મુકતા હાર.

સૈયર ઝાંઝર કંકણુ શોભે હેમનાંરે, ઝણુણુણુણુ થાય ઝણુકાર. દી૦

શિયળ સાચવો સુંદરી, આ અવની મોઝાર;
પ્રિત કરો પિયુ વિશે, જેથી થાય જયકાર.
પ્રિય સખીઓ૦

સ્ત્રી— ૬૦

આવ્યો આજે ગંગળનો શુભ દિનરે, વર કન્યારૂપ જોઈ થયાં લીનરે,
વાજીંત્ર વિવિધ પ્રકારનાં વાગેરે, જેના નાદથકી અંબર ગાજેરે.
સુપ્રભાને લાયક વર મળીયોરે, એનો જનમારો સુફળ ફળીયોરે.
માથે હીરા મોતીનો મેડીયો ધાલીરે, જમણે હાથે રામણુદીવડો ઝાલીરે.
ગાતી રાતી સૈયરો સહું જાયરે, મનમાંહે આનંદ નવ માયરે.
પૈસા ખરચવાનું આવ્યુ ટાણુંરે, નાક જમાઈનું સાસુએ તાણ્યુંરે.

કનકપ્રભા— ૬૧

શાણી પુત્રી પધારતુ સાસરે, સમરી પ્રભુને આવાર (૨) બેન શિખા-
મણુ માનજો૦
શિરપર દુ:ખ જો આવી પડે, ડરતું નહિ લગાર (૨) બેન૦
ધર્મ પતિવ્રતાનો પાળવો, કરવું દેહ જતન (૨) બેન૦
કંથ વચન પ્રમાણે ચાલવું, શુદ્ધ રાખવું મન (૨) બેન૦
દયા હિમત મનમાં રાખવી, કરવાં દિર્ધાવિદ્દાન (૨) બેન૦
કહેવુંપડે એવુ તુજને નથી, તુ છે ચતુરસુજાણુ (૨) બેન૦

માલતિ— ૬૨

સખી પ્રણામ આવાર આવાર આવારરે;

સાસરે ચાલી તું તારે, વિયોગ પડયો અમારે;
થાજે શાણી શાણી શાણી શાણીરે. સખી૦

સુપ્રભા— ૬૩

સહુને પ્રણામ સખીઓને પ્રણામ, રજા લેઇને જાઉ તમામ. સહુ૦
ઉરમાં ધરો સહુ ઉરમાં ધરો સખીઓ સર્વે ઉરમાં ધરો સહુ૦
પ્રિતે કરૂં હું પ્રણામ બેની હો પ્રિતે કરૂ પ્રણામ સહુ૦

એક સખી ૬૪

કર તૈયારી કર તૈયારી
મમ સખો આવારી વારી, જલદી જાવા,
સુખી થાવા, મહેલે મોવા, પતિ જોવા, દુઃખ ખોવા, મન ગોવા,
ઉપકારી ઉપકારી હું તારી તારી મમ સખી૦

સુપ્રભા— ૬૫

દાસી મારી જા વ્હેલી તુ શયનગૃહમાંય
પ્રાણપતિ આવશે બિછાવ સેજ ત્યાંય. દાસી૦
જલદી સૈયાસન ઝટ કરને તૈયાર,
પિયુજી પધારીઆ નહિ કરીશ વાર. દાસી૦

કેશરબા— ૬૬

સેજ સુધારૂ છું, ઝારી હું લાવું છું,
વારિ ભગાવુંછું, પાણી રખાવુંછું,
પખો મંગાવુંછું, વેણિ ગુંથાવુછું
પુષ્પો વીણાવુંછું, પલંગ પથરાવુંછું.

ઠીક ત્યારે આ ચાલી (૨)

ચંદ્રભાનુ— ૬૭

મુજ પ્રાણુની પ્યારી, આનંદ ભારી, દેખી તુને આવાર,
ઉર ઉમગધારી, મનહરનારી, આનદભારી દેખી તુને આવાર.
વદન મનોહર ચદ્રના જેવું, કાન્તિ અતિ સુખદાઇ;
ભ્રકુટિ જોતાં પ્રિયા હો મારી, ભુલું સરવે કાંઇરે,
તુજ પરવારી, પ્રાણુથી પ્યારી, આનંદભારો, દેખી તુને આવાર મુ૦

સુપ્રભા— ૬૮

અતિ અઘટિત કૃત્ય, હાય મે શુંજ કીધું.
નકી નકી નકી ભુલી, શ્લોક ભાનજ દીધું.
જય જય પ્રભુ પ્યારા, સુખ અમૃત ધારા.
તુજ વિન સહુ કોઇ, દુઃખ પામે બિચારા.

સુપ્રભા— ૬૯


જોગન બનીને જોગ હું ધારૂ, સંસારનું સુખ દિસે નઠારૂ. જો૦
શ્લોક જ મુજને સારો મળીઓ, ભાન ભુલીને કેમ વિસારૂં. જો૦
સુખ સહુ વૈરાગમાંહી રહ્યાં છે, વિષય સુખ દિસે નઠારૂં. જો૦

૭૦

સુ—જય જય પ્રભુ પ્રખ્યાત, જગતમાં જય જય પ્રભુ પ્રખ્યાત.
ચં જવાદે આડી વાત જગતમાં૦
ચં—પ્રાણુથી પ્યારી, પ્રિયા તુ મારી, સંસારનુ સુખ ભોગવ ભાવે.
સુ—જોગીના મનમાંએ નહિ આવે,
ચં—વૈરાગની વાત શાને જણાવે,

સુ—વિષય સુખ મુને નહિ ભાવે.
ચં—સુપ્રભા એ સઘળુ જવાદે.
સુ—કદી થાય નહિ એ વાત, હવે કદી થાય નહિએ વાત જગતમાં૦
સૌ— ૯૧

આ જગતમાં પ્રભુ તુ સુખશાતા પ્રખ્યાતા.
શાન્ત મનોહર મુરતી દુ:ખ હરો, સુખ કરો.
ભાગ્યવંત આર્યનારને પ્રભુ કરો, વિઘ્ન હરો.
ઇશ્વરા, વિનવીએ, જય જય કરો. આ૦



સોજીત્રા.

પા. અંબાલાલ લલુભાઈ.

પા. ડાહ્યાભાઈ જીવાભાઇ.

અગાઉથી ગ્રાહક થનાર ગૃહસ્થોનાં નામ.

નકલ સોજીત્રા.
૧ પા. ચતુરભાઈ મુળજીભાઇ.
૧ પા. આશાભાઇ નરસીભાઈ
૧ પા. પરસોતમ મોતીભાઇ
૧ પા. કાસીભાઇ ઝવેરભાઈ
૧ પા. રાવજીભાઇ શીવાભાઈ
૧ પા. ભાઇલાલ હીરાભાઇ
૧ પા. પરસોતમ ઇશ્વરભાઇ
૧ પા. આશાભાઇ શંકરભાઇ
૧ પા. અંબાલાલ જીવાભાઇ
૧ પા. કાશીભાઇ ગોવીંદભાઈ
૧ પા. જેઠાભાઇ છોટાભાઈ
૧ પા. ડાહ્યાભાઇ જોરાભાઇ
૧ પા. ડાહ્યાભાઇ લલુભાઇ
૧ પા. રાવજીભાઈ ચતુરભાઇ
૧ પા. નરસીભાઇ શંકરભાઇ
૧ પા. ચુનીલાલ રાંમભાઇ
૧ પા. ઉમેદભાઇ કાશીભાઇ
૧ પા. મોતીભાઈ નાથાભાઈ
૧ પા. ઘાભાઇ દાજીભાઇ
આ. મા. સો. શાળા.
૧ પા. ઇશ્વરભાઇ નારણભાઇ
સો. આ. માસ્તર
૧ પા. આશાભાઇ મોતીભાઇ.
૧ પા. આદતભાઇ તળસીભાઇ
૧ પા. વાત્રજીભાઇ વસનદાસ
નં.૨ સ. ગુ. શાળા હેડમાસ્તર

૧ પા. મોતીભાઇ લલુભાઇ.
૧ પા. વાત્રજીભાઈ બાવાજી
૧ પા. ગોવીંદભાઇ બાવાજી
૧ પા. સોમાભાઇ મોતીભાઇ
૧ પા. ઇશ્વરભાઈ ભાઇલાલ
૧ પા. બાબરભાઇ મોતીભાઇ
૧ પા. પરસોતમ ગોવીંદભાઇ
૧ પા. આશાભાઇ જીભાઇ.
૧ પા. પુંજાભાઇ શીવાભાઇ
૧ પા. અંબાલાલ નારણભાઈ
૧ પા. રાવજીભાઈ ચતુરભાઇ
૧ પા. ચુનીલાલ સાંમળભાઇ
૧ પા. ભાઇલાલ ખુશાલભાઇ.
૧ પા. રાવજીભાઇ જીવાભાઈ
૧ પા. મણીલાલ મીઠાભાઇ.
૧ પા. મુળજીભાઇ સોમાભાઈ.
૧ પા. મગનભાઇ નરસીભાઇ
૧ ભાવસાર બાપુલાલ હરખચંદ
૧ ભાવસાર નાથાલાલ રણછોડ
૧ ભાવસાર મથુરલાલ જીણાભાઇ
૧ ગાંધી બાપુલાલ ભુલાભાઇ
૧ દવે રેવાશંકર રગનાથ
૧ બારોટ પ્રતાપસીંગ મોબતસીંગ
૧ ભટ ચતુરભાઇ મોતીરામ.
આ. મા. સોજીત્રાશાળા.
૧ સુતાર આત્મારાંમ હરખજી
૧ સુતાર છગા કહાંનદાસ.

૧ કાછીઆ દ્વારકાંદાસ જોઇતારામ
૧ ભટ સોમેશ્વર અમૃતરાંમ
૧ શા ડાહ્યાભાઇ કાળીદાસ
આ. મા. સો. શાળા.
૧ જાની અંબાલાલ હરિનારાયણ
સો. કન્યા. આ. મા.
૧ ઠાકર મથુરલાલ કીરપાશંકર.
૧ વાળંદ ગીરધર રગનાથ
૧ તલાટી. મંગળદાશ છગનલાલ.
૧ દવે. શુભરાય નારણજી.
૧ દો. વા. અંબાલાલ મણીલાલ.
૧ લુહાર સોમા શીવલાલ.
૧ શા. વીજવલ્લવદાસ છગનલાલ.
મગરોલ શાળાના મહેતાજી.
૩ શા. ભાઇલાલ ત્રીકમદાસ સો-
મરડા સ. ગુ. શા. માસ્તર
૧ બારોટ. કાભઇ દાજીભાઇ
૧ ગોર. નાથાલાલ બાબર
૧ ગોર. જટાશંકર ભયશંકર
૧ ભટ. ભીખાલાલ ગરબડ
૧ વાળંદ. કબીલા પોચા
૧ પંડ્યા. દેવશંકર હરીભાઈ
૧ ઠાકર. રાંમનાથ શુભરાય
૧ કેશવલાલ જેઠાલાલ ગોર
૧ ભટ. રાંમનાથ શુભરાય
૧ દવે. હરજીવન દયારાંમ
૧ લુહાર. છગન મુળજી
૧ લુહાર. ત્રીભાવન ગોપાળ

૧ સુતાર. મૂળજી છગન
૧ વાળંદ. વિઠલ શકર
૧ ગોર વિઠલભાઇ છગનભાઇ ના-
કાદાર
૧ ત્રવાડી. પરશોતમ નારણજી
૧ ડોળીઆ. મણીશંકર કીરપાશંકર
૧ અમીન. ઉમેદભાઇ ડુંગરભાઇ
૧ શુકલ. શુભરાય જોઈતારાંમ
૧ મોહનલાલ ગોવીંદરાંમ ભટ.
આ. મા સોજીત્રા
૧ પંડ્યા. જટાશંકર હરગોવન
૧ ચુનીલાલ વિદ્યારાંમ

મહુધા:

૧ દેસાઇ ભાઇલાલ ઝવેરભાઇ
૧ દેશાઇ. પરભુદાસ ઝવરભાઇ

મલાતજ

૧ વહોરા. સુલેમાન કરીમ

સારસા.

૧૨ વો. સુલેમામકાસમજીસંચાવાળા

દેવાતજ.

૧ ફુલાભાઇ ગેચરભાઈ આ. મા.

નાર

૧ પા. શીવાભાઇ શંકરભાઇ
૧ પા ચતુરભાઇ ખુશાલભાઇ
૧ પા. છોટાભાઇ રણછોડભાઈ
૧ પા. ધુળાભાઇ જોરાભાઇ
૧ પા. છોટાભાઇ રણછોડભાઇ
૧ પા. કાસીભાઇ હરીભાઇ

૧ પા. ગોવીંદભાઇ હરીભાઇ
૧ પા. મગનભાઇ નરેરભાઇ
૧ પા. વરજભાઇ વેરીભાઇ
૧ બારોટ બાપુજી ઉમેદસંગ
પા. શીવાભાઇ શંકરભાઇ
૧ પા. લાલાજી શંકરભાઇ
૧ પા. આશાભાઇ નાથાભાઇ
૧ પા. છગનભાઇ રધાભાઇ
૧ પા. નરેરભાઇ રધાભાઇ
૧ પા. રણછોડભાઇ રધાભાઈ
૧ પા, હરિભાઇ રણછોડભાઇ
૧ પા. પરસોતમ વલવભાઇ
૧ પા. શીવાભાઇ વાઠલભાઇ
૧ પા. ઝવરભાઇ વાઠલભાઇ
૧ છોટાભાઇ નાથાભાઇ
૧ છોટાભાઇ ઝવેરભાઇ
૧ પા. કસીભાઇ બકોરભાઇ
૧ પા. વિઠલભાઇ મુળજીભાઇ
૧ પા. નાથાલાલ ગોપાળભાઇ
૧ પા. પરસોતમ પુજાભાઇ
૧ પા. લાલાજી કાળીદાસ
૧ પા. ખુશાલભાઇ ભગતાભાઇ
૧ પા. મરગાભાઇ દેવીદાસ
૧ પા. મગનભાઇ નાથાભાઇ *
૧ પા. પરસોમ ગલાભાઇ
૧ પા. આશાભાઇ મોતીભાઈ
૧ પા. ચુનીભાઈ નરેરભાઇ
૧ પા. ઇશ્વરભાઇ શીવાભાઇ

૧ પા. વાઘજીભાઇ કાશીભાઇ
૧ પા. ભલાભાઇ માધદાસ
૧ પા. હારભાઇ ખુશાલભાઇ
૧ પા. ખોડાભાઇ હાથીભાઇ
૧ પા. ભીખાભાઇ બકોરભાઇ
૧ પા. મરગા દેવીદાસ
૧ પા. ઇશ્વરભાઇ બકોરભાઈ
૧ પા. અંબાલાલ લલુભાઇ
૧ પા. મોતીલાલ કલાંણભાઇ
૧ પા. ઇશ્વરભાઇ ભગવાંનદાસ
૧ પા. ગોવીંદભાઇ મંગળભાઇ
૧ પા. છોટાભાઇ ધોરીભાઇ
૧ પા. લલુભાઇ બેચરભાઇ
સ્ટાંપ વેચનાર
૧ પા. નથુ હજાર
૧ પા. લલુભાઇ નથુભાઇ

ભાદરણ.

૧ વહોરા. મહમદ સુલેમાન નાકાદાર સોજીત્રા.
૧ પા. ભાઇલાલ ચતુરભાઈ
૧ સોનીહીરાલાલશીવલાલતારાપર

કરમસદ.

૧ પા. ઝવેરભાઇ ત્રીકમભાઇ
વી. સ. ગુ. શા. શાળા મે.
૧ પા. કાશીભાઇ ઝવેરભાઈ
૧ પા. સોમાભાઇ હાથીભાઈ
આ. મા. સંદેસર

મગરોલ.

૨ ભાવસાર લહેરા નારણજી
નડીઆદ.
૧ દેશાઇ નાથાભાઇ હાથીભાઇ
સોજીત્રા.
૧ શેઠ. અબ્દુલઅલી લાલમીઆં
ગાડા.
૫ શા. પ્રાણલાલ મોતીલાલ
ગાડા સ. ગુ. શા. માસ્તર.
૧ પડયા મગન ખુશાલ
૧ પા. ઘાભાઇ સાંમળભાઇ
ઉમરેઠ.
૮ ભટ ગવરીશંકર કૃષ્ણારામ
૧ ભટ ગણપતરાંમ છગનલાલ
૧ ત્રવાડી નાનાલાલ લાલભાઇ
૧ દવે મણીલાલ દામોદર
૧ દવે. જેશંકર રણછોડ
૧ જોશી. ભલાશંકર કૃષ્ણારામ
૧ ભટ છોટાલાલ કૃષ્ણારામ
૧ સોની ચુનીલાલ ગવરીશંકર.
વડોદરા કલાભવન.
૧ પા. બાવાજી ઝવેરભાઇ
ખંભાત.
૧ શા. નાનાલાલ પ્રાણજીવન
ધંધુકા.
૧ શા. નાનચંદ ડાહ્યાચંદ
ચાંગા.
૧ બારોટ. ખોડાભાઈ વજેસંગ
ગોધરા.

૩ ઇનામદાર સોમાભાઈ દામોદર.
સિહોલ.
૧ પા. સોમાભાઇ દ્વારકાંદાસ.
હેડમાસ્તર સિહોલ.
૧ પારેખ. ત્રિભોવનદાસ મોતીલાલ
વલાસણ.
૧ ઇનામદાર કુવેરભાઇ જીભાઇ
૧ ,, ઉમેદભાઇ જીભાઇ
૧ ,, છોટાલાલ કુવેભાઇ
૧ વહેરા. કરીમ હાસમ
સદેસર.
૧ પા. સાંમળભાઈ. ઝવેરભાઇ.
૧ વહોરા. કરીમ બાવનજી
અગાસ.
૧ છોટાલાલ ગોપાળદાસ.
સ્ટેશનમાસ્તર અગાસ.
અરડી.
૧ મતાદાર હાજીભાઇ ઘોરીભાઇ
વીરસદ.
૧ અમીન ડાહ્યાભાઇ નાથાભાઇ.
મુંબાઇ.
૧ શાસ્ત્રી. છગનલાલ અમરજી
વસો.
ભટ રણછોડ લલુભાઇ વૈદ્ય.
મોહનલાલ નરોતમદાસ પટેલ.
ધર્મજ.
૧ પા. છોટાલાલ હરીભાઇ.

જાહેર ખબર.

સદરહુ ચોપડી સોજીત્રામાં કર્ત્તા પાસેથી તેમજ નીચે લખેલે ઠેકાણેથી રોકડી કિંમતે મળશે.

જે સાહેબોને આ પુસ્તક ખરીદવાની મરજી હોય તેમણે નીચેને શીરનામે કિંમત મોકલી મંગાવી લેવી.

સામટી લેનારને કમીશન આપવામાં આવશે.

સોજીત્રા—પટેલ. આશાભાઇ ભાઇલાલની પાસે

ઉમરેઠ—ભટ. ગવરીશંકર કૃષ્ણુરાંમ ઠે. બાજીભટના ઝાંપામાં.

પેટલાદ—પારસમણી પ્રેસના મેનેજર પાસેથી.

તેમજ જાણીતા બુકશેલરોને ત્યાંથી પણ મળશે.

સુચના—વિશેષ મદદનીશ **આશાપટેલ**ના તરફથી "મૂર્ખાશતક" નામનું પુસ્તક બહાર પડનાર છે.

છપાયછે! છપાયછે!!

कर्पूरमंजरी.

તાકીદે નામ નોધાવો કીંમત રૂ. ૦-૧૨-૦

ઠેકાણું—પેટલાદ "પારસમણી" પ્રેસ.